# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

**બક્ષીપંચ (ઓ.બી.સી.),(ઇ.બી.સી),(એસ.ઇ.બી.સી)આર્થિક રીતે પછાત વર્ગ જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ અંગેની**

**નોટીસ વર્ષઃ ૨૦૨૨-૨૩**

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા ઉપરોક્ત જાતિઓના વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે તેઓએ પોતાની કેટેગરી પ્રમાણેના શિષ્યવૃતિ અને એમ.ફિલ./પી.એચડીના છેલ્લા વર્ષમાં હોય અને અગાઉ ફેલોશીપ ના મેળવી હોય તેવા વિદ્યાર્થીઓને ફોર્મ ઓનલાઇન ભરવાના હોવાથી નીચે જણાવેલ વેબસાઇટ લોગઇન કરીને ફોર્મ ભરવાના રહેશે. ફોર્મની એક કોપી વિભાગીય વડાના સહી-સિક્કા કરાવી જરૂરી દસ્તાવેજો (પ્રમાણીત કરેલા) સાથે ફરજિયાત સ્કોલરશીપ વિભાગ (**રૂમ નં. ૩૦૨**)માં જમા કરાવવાની રહેશે. આ પ્રક્રિયા ઓનલાઇન હોવાથી હાર્ડકોપીની એક નકલ વિદ્યાર્થી પોતાની પાસે રાખી શકશે. વધુ માહિતી માટે તેમજ ઓન લાઇન ફોર્મ ભરવા આપેલ વેબસાઇટનો સંપર્ક કરવો.

**નોંધઃ-**

૧. ઓન લાઇન ફોર્મ સાથે બધા અસલ પ્રમાણપત્રો જ અપલોડ કરવાના રહેશે.
૨. ફ્રેશ અને રીન્યુઅલ ફોર્મની અરજી કરવાની **૧૬/૦૯/૨૦૨૨ થી તાઃ ૧૫/૧૦/૨૦૨૨**
૩. પહેલા Draft Copy શિષ્યવૃતિ વિભાગમાં ચેક કરાવી પછી જ ફોર્મ સબમીટ કરાવવું
૪. **ઓફ લાઈન ફોર્મ સાથે બધા અસલ પ્રમાણપત્રો ચકાસણી કરવાના રહેશે.**

**વેબસાઇટ : - www.digitalgujarat.gov.in**

**અરજી સાથે બિડાણ કરવાના દસ્તાવેજો ની યાદીઃ-**

૧. જાતિનો દાખલો.
૨. આવકનો દાખલો. (મામલતદાર, ટી.ડી.ઓ, ચીફ ઓફીસરનો જ માન્ય) તાઃ૦૧/૦૪/૨૦૨૦ પછી નો
૩. શાળા છોડ્યાનું પ્રમાણપ્રત્ર. (એલ.સી)
૪. ફ્રેશ વિદ્યાર્થીઓ માટે ધોરણ :-૧૦ થી લઇને અત્યાર સુધીની તમામ માર્કશીટ્સ,
રિન્યુઅલ માટે અનુસ્નાતક અભ્યાસક્રમની છેલ્લી બધી માર્કશીટ.
૫. અભ્યાસમાં તુટ પડેલ હોય તો તેની એફિડેવિટ.
૬. હોસ્ટેલમાં રહેતા હોય તો તેની ફી ભર્યાની રસીદ.
૭. હોસ્ટેલ ફોર્મ (અરજીફોર્મમાં ગૃહપતિના સહિ-સિક્કા)
૮. સંબંધિત અભ્યાસક્રમની વર્ષ ૨૦૨૨- ૨૩ની ફી ભર્યાની રસીદ.
૯. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો.
૧૦. યુનિવર્સિટી આઇ-કાર્ડની નકલ
૧૧. આધાર કાર્ડની નકલ (ફરજિયાત બેન્કમાં સીડીંગ કરાવી તેની નકલ આપવી.)
૧૨. રેશનકાર્ડની નકલ
૧૩. બી.પી.એલ. સ્કોર કાર્ડની નકલ (લાગુ પડતુ હોય તેમને)
૧૪. બોનાફાઇડ સર્ટીફિકેટની નકલ.
૧૫. બેંક ખાતાની પાસબુકમાં ખાતા નંબર, નામ અને સરનામાની વિગતો દર્શાવતા પાનની નકલ.
૧૬. એમ.ફિલ./પી.એચડીના વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન સર્ટિ.

**આવક મર્યાદાઃ-**

**સમાજ કલ્યાણ વિભાગના નવા ઠરાવ મુજબ બક્ષીપંચ માટે આવક મર્યાદા નીચે મુજબ છેઃ-**

- **OBC , EBC, DNT** જાતિ.ના વિદ્યાર્થીઓની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી ઓછી
- એન. ટી. ડી. એન. ટી. ના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ માટે (ફક્ત સેલ્ફ ફાઇનાન્સ) અભ્યાસક્રમની આવક મર્યાદા રૂા. ૨,૦૦,૦૦૦/- છે.

**ખાસ નોંધઃ-**

- આ શિષ્યવૃતિ માટે અરજી કરનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિનો લાભ મળવા પાત્ર નથી.

નંબર : એન/સ્કો./૨૦૨૨-૨૩/૪૭૮૬
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૧/૦૯/૨૦૨૨

**નાયબ કુલસચિવ**

**નકલ રવાના :-**૧. વડાશ્રી, અનુસ્નાતક ________ વિભાગ તરફ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ માટે નોટીસ બોર્ડ પર મુકવા માટે.

D:\Scholarship\NOTICE.doc/43